07/02/2024

માન.અધ્યક્ષ શ્રી

માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ચાલતી રાજ્ય સરકાર દ્વારા શાળાકીય શિક્ષણના ધોરણ ૬ થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતા સાર" નો સમાવેશ કરવા અંગે માન. રાજ્યકક્ષાના મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા જે સંકલ્પ લઈને આવ્યા છે તેને સમર્થન કરતા હું મારા વિચારો પ્રગટ કરું છું

"શબ્દ એક શોધો અને સંહિતા નીકળે, કુવો એક ખોદોને સરિતા નીકળે;

જુદી તાસિર છે મારા ભારતની આ ભૂમિ ની, મહાભારત વાવો અને કૃષ્ણ મુખેથી ગીતા નીકળે."

આજે બધા આપણે ચર્ચા કરી રહ્યા છે કે ગીતા એ શિક્ષણનો ભાગ હોવી જોઈએ કે નહીં? કેવી કમ નસીબી છે આપણી કે આપણે મુઘલોને ભણ્યા. કયા ઘાટથી આવ્યા? કેટલા રાજાઓ જોડે યુદ્ધ કર્યું ? કેટલા વર્ષ આપણી પર બહારના આક્રાંત એ શાસન કર્યું એ ભણ્યા. આપણે અંગ્રેજોને ભણ્યા , ભારત કોણે શોધ્યો અને એમની કંપનીની સ્થાપનાથી લઈને ત્યાંથી લઈને કેટલા વર્ષો રાજ કર્યું? છેલ્લામાં છેલ્લો વાઇસરોય કોણ થયો એ બધા છોકરાના મોઢે હોય છે. એ રીતે ભણાવ્યું.પરંતુ એ સરકારો એ ભારતનો વૈવિધ્યસભર વારસો, ભારતની સંસ્કૃતિ, ભારતનું પરાક્રમ, ભારતનું જ્ઞાન વિજ્ઞાન ભણાવવામાં નિષ્ફળ રહી.

આજે આભાર માનું છું માનનીય વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીનો કે એન ઈ પી, નેશનલ એજ્યુકેશન પોલીસી 2020 દાખલ કરી, અને તેના અનુસાર શિક્ષણ વ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શિત કરતા મૂળભૂત સિદ્ધાંત પૈકી એક સિદ્ધાંત - વિદ્યાર્થીઓમાં ભારતની સમૃદ્ધ વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ તથા જ્ઞાનની પ્રણાલીઓ અને તેની પરંપરાઓ પ્રત્યે ગર્વ અને જોડાણની લાગણી અનુભવાય તેઓ પ્રયત્ન કરવાનો ભાવ વ્યક્ત કર્યો.

આમ પણ કોઈ પણ દેશની શિક્ષણ વ્યવસ્થા એ તેના સંસ્કૃતિનું, તેની પરંપરાઓનું પ્રતિક હોય છે.એટલે જ મેકોલે એ પણ લંડન ની પાર્લામેન્ટમાં કહ્યું હતું જ્યાં સુધી આ

દેશની કરોડરજ્જુ એટલે કે ધાર્મિક અને સાંસ્કૃતિક વિરાસતને આપણે તોડીએ નહીં ત્યાં સુધી ઊંચા જીવન મૂલ્યો અને આદર્શ ચારિત્ર ધરાવતા ભારતીયોને ગુલામ બનાવવાનું શક્ય નથી. અને એટલે જ એને દેશની શિક્ષણ વ્યવસ્થા અને દેશની સંસ્કૃતિ પર આઘાત કરવાનું સૂચવ્યું હતું.

અભ્યાસક્રમમાં દાખલ થનાર ગીતા અથવા શ્રીમદ ભગવત ગીતા, નું શિક્ષણ એ વિદ્યાર્થીઓમાં માત્ર સંસ્કૃતિ પ્રત્યેક ગર્વની કે જોડાણની લાગણી જ પેદા નથી કરવાનીપરંતુ જીવન જીવવાનો સાચો માર્ગ, જીવનના સાચા મૂલ્યો સમજાવવાનું છે.

18 અધ્યાય અને 700 શ્લોક ધરાવતી શ્રીમદ ભગવત ગીતા શું છે? જીવનમાં નૈતિક મૂલ્યો, માનવતા, પ્રમાણિકતા, કર્તવ્યપરાયણતા, ઉત્તરદાયિત્વ,જો કદાચ વિશ્વને કોઈ એક ગ્રંથ દેખાડી શકે તેમ હોય તો એ ભગવદ ગીતા છે. 75 જેટલી ભાષામાં તેનો અનુવાદ થયો છે, સૌથી વધુ ભાષાઓમાં અનુવાદ અને ટિપ્પણીઓ આ જ ગ્રંથ પર કરવામાં આવી છે ઓક્સફર્ડ અને હાવર્ડ જેવી વર્લ્ડ ફેમસ યુનિવર્સિટીમાં પણ ગીતા સારને ભણાવવામાં આવે છે. દેશ-વિદેશના મહાન વ્યક્તિઓના ભગવત ગીતા પરના મંતવ્યો મારા આગામી વકતાઓએ વ્યકત કર્યા  મહાત્મા ગાંધી કહેતા કે "મને પણ નિરાશામાં પણ મારા મુખ પર સ્મિત આવે તે પુસ્તક ગીતા છે"  સ્વામી વિવેકાનંદ પાસે અમેરિકા પ્રવાસ દરમિયાન પોતાની પાસે જે બે પુસ્તક હતા એમાં એક પુસ્તક ભગવત ગીતા હતું  શંકરાચાર્ય, રામાનુજાચાર્ય,વલ્લભાચાર્ય,મહર્ષિ અરવિંદો ,આલ્બર્ટ આઈન્સ્ટાઈન સહિત અનેક ધર્મચાર્યો, વૈજ્ઞાનિકો ગીતાને એક શ્રેષ્ઠ પુસ્તક ગણાવી છે અને એક વિદેશી ફિલોસોફર વિલિહેમ  વો હમબોલ્ટએ કહ્યું હતું કે The most beautiful, perhaps the only true ફિલોસોફીકલ song existing in any known language ... perhaps the deepest and loftiest thing the world has to show. જીવનની ફિલોસોફીને સૌથી ઊંડાણપૂર્વક જો રજૂ કરવામાં આવી હોય તે પુસ્તક ભગવદ ગીતા છે.

પરંતુ કેટલાક અજ્ઞાનીઓ આ વિષયને વિવાદમાં લઈ જવા માગતા હતા. પરંતુ મને આનંદ છે કે ગુજરાત વિધાનસભામાં તો સાથી પક્ષ પણ જે રીતે સમર્થન કરી રહ્યો છે તો છેલ્લે છેલ્લે પણ જો સુપ્રીમ કોર્ટમા રામના અસ્તિત્વનો અસ્વીકાર કરતા હતા આજે જય

શ્રી રામ બોલે છે અને શિક્ષણમાં ભગવદ ગીતા ને ગીતાને સમાવવામાં પણ સમર્થન કરે છે. અભિનંદન આપું છું અને આભાર પણ વ્યક્ત કરું છું

ખરા અર્થમાં ભગવત ગીતા "માત્ર ધાર્મિક ગ્રંથ નથી, એ મેનેજમેન્ટ ની બુક છે એ લીડરશીપ ની બુક છે મનુષ્યની સાયકોલોજીની બુક છે, ભગવત ગીતામાં અલગ અલગ અધ્યાયમાં જ્ઞાનયોગ, વિજ્ઞાનયોગ,ભક્તિ યોગ,  કર્મયોગ, કર્મ સન્યાસ ધ્યાન એટલે કે રાજયોગ, મોક્ષ સંન્યાસ યોગ  ની વાત કરી છે, વિશેષ રૂપે કર્મ પર ભાર મૂક્યો છે અને એમાં પણ પ્રભુને સમર્પિત કર્મ એટલે કર્મ કરવું ફળની ઈચ્છા ન રાખવી, એક ડિસિપ્લિન અને રેગ્યુલેટેડ લાઇફ શિક્ષા આપવામાં આવી છે;  ઈચ્છા, મોહ, સંદેહ, સ્વાર્થ, નિષ્ફળતા જેવી જીવનની અનેક વિપરીત પરિસ્થિતિઓ ના સમાધાન ની વાત, જન્મથી લઈને મૃત્યુ સુધી, સ્ત્રી હોય પુરુષ હોય જીવનની કોઈપણ અવસ્થા હોય બાલ્ય, તરુણ ,યુવાન ,પુખ્ત, પ્રૌઢ ના ની મન સ્થિતિ ના પ્રશ્નો હોય એના સમાધાનની વાત કરવામાં આવી છે. આ વિશ્વમાં એવો કોઈ પ્રશ્ન જ નથી જેનું વૈચારિક સમાધાન ગીતામાં ન હોય.

વિશ્વના કેટલાય ફિલોસોફર , રાઇટર્સ આવે છે ભગવદ ગીતાનો અભ્યાસ કરે છે તેની અંદરના તત્વને પોતાની રીતથી ફરીવાર એને લખે છે અને એ જ બુક બીજા નામે આપણને લાખો રૂપિયામાં વેચી જાય છે.

આજના સમાજ જીવનમાં ફાસ્ટ લાઇફમાં હતાશાનું પ્રમાણ વધ્યું છે નિરાશા નું પ્રમાણ વધ્યું છે, આપઘાતના કિસ્સા, ક્રાઈમના કિસ્સા વધ્યા છે, સહનશીલતા ઘટી છે ધીરજ ઘટી છે ત્યારે શિક્ષણ સમયે ગીતા સાર કે જીવનની કોઈપણ પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરી શકાય તેના માટેનું મજબૂત મનોબળ તૈયાર કરવાનું કામ એ શ્રીમદ ભગવદ્ ગીતાનો અભ્યાસ શીખવાડશે. કારણ કે ગીતાનો ઉદ્ભવ જ મહાભારતને યુદ્ધમાં અર્જુન જ્યારે વિષાદ થી ઘેરાઈ ગયો હતો ત્યારે તેને બહાર કાઢવા માટે ભગવાન કૃષ્ણએ તેની રચના કરી. તેની રચનાના દિવસને પણ આપણે મોક્ષદા એકાદશી કહીએ છીએ

આવી મોક્ષ અપાવનારી ગીતા ના સારને ગુજરાત સરકાર દ્વારા શિક્ષણમાં ઉતારીને જે આ નવતર પ્રયોગ કરી એક ઉદાહરણરૂપ કામ કર્યું છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી માન્ય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપતા મારો ખુલ્લુ સમર્થન જાહેર કરું છું.